city ભાસ્કર
AHMEDABAD, THURSDAY, 05/02/2015



ગ્લેમર 04
બજરંગી ભાઈજાનમાં કરિનાનો કપૂરનો માત્ર 20 મિનિટનો રોલ

LOVE WILL GIVE YOU A NEW HIGH




This Valentine Season, purchase any jewellery from Jewelsouk.com & share a love message on www.facebook.com/jewelsouk.com.
Stand a chance to win a 1ct solitaire diamond ring & a hot air balloon ride.
Contest closes on 14th February 2015.
To know more, call toll free 1800 103 0051 / 022 4276 0060 or email us at ordersupport@jewelsouk.com
Scan this QR code with your smartphone
Follow us on
#HighOnLove

UPCOMING EVENT

## GTU: 6 -7 ફેબ્રુ.એ ઈન્ટરનેશનલ કોન્ફરન્સ યોજાશે

સિટી રિપોર્ટર • ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા 4થી ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન 6થી 7 ફેબ્રુઆરી દરમિયાન કરવામાં આવ્યું છે. જીટીયુમાં 486 એન્જીનિયરિંગ, ફાર્મસી અને મેનેજમેન્ટ અફિલિએટેડ કોલેજીસનો સમાવેશ થાય છે. જીટીયુ-સેન્ટર ફોર બિઝનેસ એથિક્સ એન્ડ સીએસઆર દ્વારા તેનો અભ્યાસ, કોન્ફરન્સિસ, વર્કશોપ્સ, સેમિનાર વગેરેથી અર્થતંત્ર અને શિક્ષણ બંનેનું ટ્રાન્સફોર્મેશન થાય છે. આ સેન્ટર ખાસ ટેક્નોલોજીકલ રિફલેક્શન અને ડાયલોગ માટે રખાયું છે. જીટીયુ- સેન્ટર દ્વારા 'બિઝનેસ એથિક્સ ફોર કોર્પોરેટ ગર્વનેન્સ એન્ડ સસ્ટેનેબિલિટી' વિષય પર કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે.

TOURISM EVENT

## દર વર્ષે 1.30 લાખ લોકો સાઉથ આફ્રિકા ફરવા જાય છે : હેનેલી

સિટી રિપોર્ટર • સાઉથ આફ્રિકન ટુરિઝમ દ્વારા વાર્ષિક રોડ શોનું આયોજન ટીજીબી ખાતે બુધવારે કરવામાં આવ્યું. મુંબઈમાં શો પછી રોડ શો થયાં બાદ હવે અમદાવાદ અને પછી બેંગ્લોર અને દિલ્હીમાં પણ પ્રવાસ કરશે. આ રોડશોનો બહુશહેરી ટુર સાથે આરંભ મુંબઈથી થયો હતો, જ્યાં 350 જેટલાં ભારતીય ટ્રાવેલ એજન્ટે હાજરી આપી હતી. રોડશોમાં સાઉથ આફ્રિકાથી 63 જેટલાં ટ્રાવેલ એજન્ટ્સે હાજરી આપી હતી.

આ વિશે વાત કરતાં સાઉથ આફ્રિકન ટુરિઝમનાં કન્ટ્રી મેનેજર હેનેલી સ્લેબરે જણાવ્યું હતું કે, મુંબઈ, અમદાવાદમાંથી અદભૂત પ્રતિસાદ મળ્યો તે જોઈને અમે ખૂબ પ્રભાવિત થયાં છીએ. દર વર્ષે ગુજરાતમાંથી 1.30 લાખ જેટલાં લોકો સાઉથ આફ્રિકા આવે છે. ભારત આઉટબાઉન્ડ ટ્રોલ માટે સૌથી ઝડપથી વૃદ્ધિ કરતું માર્કેટ છે અને ભારતીય પ્રવાસીઓનાં દ્રષ્ટિબિંદુ ઉત્તમ કેમ્પેઈન મારફતે ભારતીય બજાર પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યાં છે. આ રોડ શોમાં બંને દેશના ટ્રાવેલ એજન્ટોએ તેમના બિઝનેસ અંગે ચર્ચા કરી હતી.

FIRST TIME... પિકાસો-મિરોની કૃતિઓનું પ્રદર્શન ખૂલ્લું મૂકાયું

# યુરોપિયન સ્ટ્રોક્સને માણવા કલારસિકોનો મેળાવડો

અમદાવાદમાં જ નહીં ગુજરાતમાં પ્રથમવાર યોજોયેલા પિકાસો-જોન મિરો સહિતના 24 યુરોપિયન આર્ટિસ્ટની કલાકૃતિઓને તાદૃશ્ય નિહાળવા માટે હઠીસિંહ ગેલરી ખાતે શહેરના કલારસિક મહાનુભાવો ઉમટી પડ્યા હતા.



જોન મિરોના પેઈન્ટિંગ પાસે શહેરના જાણીતા ઉદ્યોગપતિ-કલાપ્રેમી સંજય લાલભાઈ

આર્ટ ક્યુરેટર અનિલ રેલિયા

પેઈન્ટર-બિઝનેસમેન સુરેન્દ્ર પટેલ



ગોલ્ડન જ્યુબિલી સેલિબ્રેશન મૂડમાં ઉમંગ આયોજક ઉમંગ હઠીસિંહ



એક્ઝિબિશનના સહઆયોજક બાસેર્લોના સ્પેનના જોન ગાસ્પર અને નુરિયા ગાસ્પર



એસ્થર ડેવિડ (સફેદ વાળવાળા) સહિત કલારસિકોની ભીડ



મુગ્ધભાવે પ્રદર્શન નિહાળતી યુવતી

### પિકાસો-મિરોની લિથોપ્રિન્ટ છે

એક્ઝિબિશનમાં કેટલાક યુરોપિયન આર્ટિસ્ટના ઓરિજિનલ ચિત્રો છે, પણ પિકાસો, જોન મિરો સહિતના મોટાભાગના આર્ટિસ્ટની લિથો પ્રિન્ટ પ્રદર્શિત થઈ છે. પથ્થર પર પેઈન્ટિંગ કર્યાં પછી પ્રિન્ટ લેવાની મેથડને લિથો પ્રિન્ટ કહે છે.



દક્ષાબહેન હઠીસિંહ



નટુ મિસ્ત્રી



નબીબક્ષ મનસુરી



ખરેખર લાજવાબ છે પિકાસોના પેઈન્ટિંગ્સ.

### બાળક જેવું દોરતાં 90 વર્ષ લાગ્યા: પિકાસો

શહેરના જાણીતા આર્ટ ક્યુરેટર અનિલ રેલિયાએ કહ્યું હતું કે 'એકવાર પાબ્લો પિકાસોએ સ્ટેટમેન્ટ આપેલું કે બાળસહજ પેઈન્ટિંગ્સ દોરતા મને 90 વર્ષ લાગી ગયા.' તેમના આ કથનમાં જ તેમની સ્ટાઈલ અને સફળતાનું રહસ્ય છુપાયેલું છે.



પેઈન્ટર કુમાર ચૌહાણ



બિમલ પટેલ (જમણે) સાથે હઠીસિંહ ગેલરીના સંચાલક અને પેઈન્ટર મહેન્દ્ર કડિયા (ડાબે)